પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને ઓખા વચ્ચે ચાલતી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનની ટ્રીપ્સ બદલાયેલા સમય સાથે લંબાવવામાં આવી

અમદાવાદ, મુસાફરોની સુવિધા માટે અને તેમની માંગને પહોંચી વળવા પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને ઓખા વચ્ચે ચાલતી જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેનની ટ્રિપ્સને બદલાયેલા સમય સાથે લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર ૦૯૪૩૫/૦૯૪૩૬ અમદાવાદ-ઓખા સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ૩૧ ટ્રીપ- ટ્રેન નંબર ૦૯૪૩૫ અમદાવાદ - ઓખા સુપરફાસ્ટ સ્પેશિયલ અમદાવાદથી રાત્રે ૨.૨૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૮.૨૫ વાગ્યે ઓખા પહોંચશે. આ ટ્રેન ૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ થી ૨૨ ઓક્ટોબર, ૨૦૨૨ સુધી દર શનિવારે ચાલશે.

એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૩૬ ઓખા-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ ઓખાથી રાત્રે ૨૩:૪૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૯:૪૫ વાગ્યે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન ૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ થી ૨૩ ઓક્ટોબર, ૨૦૨૨ સુધી દર રવિવારે ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં ચાંદલોડિયા, વિરમગામ, સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટ, હાપા, જામનગર, ખંભાળિયા અને દ્વારકા સ્ટેશને ઉભી રહેશે.આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસ કોચ છે.

ટ્રેન નંબર ૦૯૪૩૫ અને ૦૯૪૩૬ની વિસ્તૃત ટ્રિપ્સનું બુકિંગ ૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ થી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

૦૪ થી ૦૯ સપ્ટેમ્બરસુધી સાબરમતી-ખોડિયાર સ્ટેશન વચ્ચે સ્થિત રેલવે કોસિંગ નંબર ૨૪૧ બંધ રહેશે

અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર અમદાવાદ-મહેસાણા સેક્શનના સાબરમતી-ખોડિયાર સ્ટેશનો વચ્ચે સ્થિત ટ્રેક નવીનીકરણ અને ઓવરહોલિંગના કાર્યને કારણે ૦૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૦૮.૦૦ વાગ્યે થી ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ ૧૮.૦૦ વાગ્યે સુધી કુલ ૦૬ દિવસ માટે રેલવે કોસિંગ નંબર ૨૪૧ (ઉમા ભવાની ફાટક) બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન માર્ગ વપરાશકર્તા રેલ્વે કોસિંગ નંબર ૨૪૦,૨૪૨ અને રીંગ રોડ પરથી આવન જાવન કરી શકે છે.

ગાંધીધામ-વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ ટ્રેનમાં એક વધારાનો સ્લીપર કોચ ઉમેરવામાં આવશે

અમદાવાદ, રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીધામ-વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ ટ્રેનમાં અસ્થાયી ધોરણે એક સ્લીપર ક્લાસનો વધારાનો કોચ ઉમેરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.જેની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર ૨૦૮૦૪ ગાંધીધામ-વિશાખાપટ્ટનમ એક્સપ્રેસને ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૨થી ૦૨ ઓક્ટોબર ૨૦૨૨ સુધી એક સ્લીપર ક્લાસ કોચ વધારવામાં આવશે. ટ્રેન નંબર ૨૦૮૦૩ વિશાખાપટ્ટનમ-ગાંધીધામ એક્સપ્રેસને ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૨થી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી એક સ્લીપર ક્લાસ કોચ વધારવામાં આવશે.

ખેડાવાળ બ્રાહ્મિણ દ્વારા શ્રાવણી પર્વ ઉજવાશે

અમદાવાદ : શ્રી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મિણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી ૪ સપ્ટેમ્બર ને રવિવારે શ્રાવણી પર્વ નું મિલન - ભોજન સાથે કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ વ્યાસે જણાવ્યું કે, કોરોના ના કપરા સમય પછી શ્રાવણી પર્વ ઉજવાઈ રહ્યું છે. જેમાં જ્ઞાતિ પરિવાર મિલન અને સુખ- દુઃખની વાતો કરશે. આ કાર્યક્રમ સવારે ૯.૩૦ કલાકે મહંત પરમ પૂજ્ય બળદેવગીરી બાપુ કોમ્યુનિટી હોલ, ચાણક્યપુરી, કારગીલ પેટ્રોલ પંપ, ઝાલા કોલેજ સામે રાખેલ છે. કાર્યક્રમની વિગત આપતાં તેમણે જણાવ્યું કે, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તથા વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરવાનું આયોજન કરેલ છે.

પોલીસ પર હાથ ઉપાડતા ૧ મહિલા ગોપાલક અને ૩ પશુપાલકની ધરપકડ

વડોદરા, વડોદરાના ન્યુ વીઆઈપી રોડ ઉપર ઢોરવાડા તોડવા પાલિકાની દબાણ શાખાની ટીમ પોલીસ સાથે પહોંચી હતી. જ્યાં મહિલા ગોપાલક મહિલા પીએસઆઈનો કોલર પકડી મારા માર્યો હતો. જેમાં બે મહિલા સહિત પાંચની ધરપકડ કરી ઢોરવાડામાંથી ૩ ગાયો પકડી હતી. ન્યુ વીઆઈપી રોડ પર આવેલા રસ્તાને નડતરરૂપ ૪ ગેરકાયદે ઢોરવાડા તોડવાની કાર્યવાહી કરવા દબાણ શાખા અને પોલીસની ટીમ પહોંચી હતી. શરૂઆતમાં મહિલા ગોપાલકોએ તેમને રોકવા પ્રયત્ન કર્યો હતો. હરણી પોલીસના મહિલા પીએસઆઈ કે.એચ.રોયલાએ કામ ચાલુ રાખતાં મહિલા સહિત અન્યો લાકડી લઈ મારવા દોડ્યા હતા. એક મહિલાએ પીએસઆઈ કે.એચ.રોયલાનો કોલર પકડી તેમને મારવા લાગી હતી. હરણી પોલીસે કંકુબેન વિજયભાઈ ભરવાડ, વિજયભાઈ સાજનભાઈ ભરવાડ, રણછોડભાઈ સાજનભાઈ ભરવાડ, હિતેશભાઈ ઉર્ફે કીશન ગભરૂભાઈ ભરવાડ અને જોમાબેન ગભરૂભાઈ ભરવાડ (રે. ભરવાડ વાસ, ન્યુ વીઆઈપીરોડ) સામે હુલ્લડનો ગુનો દાખલ કર્યો હતો.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

વોટર વેન્ડિંગ મશીનનું ઈન્સ્ટોલેશન અને ઓપરેશન

નં. WR-ADI0COMM(TWVM)/1/2020/O/o SR DCM/ADI/WR તા. 29.08.2022

ભારતના સુપ્રીમ કોર્ટ અને વડી ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે દ્વારા કોમર્શિયલ એક્ટ, 2013/ પાર્ટનરશીપ એક્ટ, 1932 હેઠળ પાર્ટનરશીપ ફર્મ રજીસ્ટર્ડ યમેલ વ્યક્તિઓ / સોલ પ્રોપ્રાઈટર ફર્મ / સમાજો કંપનીઓ તરફ થી, સ્વયંસેવક, સિગ્નલ સ્ટેશન જે પિક્ટ સિસ્ટમ, બ્યોમ ઈ-કેન્ડર આમંત્રિત કરે છે. **"અમદાવાદ ડિવિઝન ૫ર વિવિધ સ્ટેશનો ખાતે ચેઝાડી ધોરણે સ્ટેન્ડ ૫ર વોટર વેન્ડિંગ મશીનનું ઈન્સ્ટોલેશન અને ઓપરેશન".** વિગતો નીચે મુજબ છે :- **ડિપોઝિટ ફિક્સ પ્રતિ વર્ષ :** ₹ 40,000/- પ્રતિ વર્ષ **અનેક મની :** ₹ 4,200/- **બીડ કમાંકમની વર્ષ :** ₹ 5,900/- (18% GST સહિત)

ડિવિઝન ૫ર ઈન્સ્ટોલેશન અને ઓપરેશન માટે WVM ચેઝમોની વિગતો

અનું. નં.	સ્ટેશન	સ્ટેશનનો કેટેગરી	સ્થળ
1	મણીનગર	D	પ્લેટફોર્મ-૧,૨/૩, હાલના WVM અને પોલ નં.૨ વચ્ચે ઢાલ રોડ.દેશ
2	મણીનગર	D	પ્લેટફોર્મ-૧,૨/૩, હાલના WVM થી ખાગળ, કલર શેડ હેઠળ અમદાવાદ તરફ

સુચનો / મુદ્દિપત્રક જો હોય તો: કોઈપણ સુધારા / મુદ્દિપત્રક માટે ટેન્ડર બંધ થવાના સમય અને તારીખ સુધી કૃપા કરીને ઈમેઈલ **www.ireps.gov.in/** ની મુલાકાત લેવી. **ઈ-ટેન્ડર સ્વરૂપોજ જમા કરાવવાનું બંધ થવાનો સમય અને તારીખ અને ખુલવાની તારીખ અને સમય:** ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ ઉપર ઉલ્લેખાયેલ વેબસાઈટ **www.ireps.gov.in/** દ્વારા તા.30-09-2022 ના 15:00 કલાક સુધી અને તા. 30-09-2022 ના 15:30 કલાકે. **ઈ-ટેન્ડર ખુલવાની તારીખ થી ઓફરની માન્યતા** 90 દિવસ. **વધારાની માહિતી અને સંપર્ક:** ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ (કોમર્શિયલ), અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે, માણેક્ચોક પાસે મંદિર પાસે, નવીરા રોડ, પોસ્ટ ઝેવેરપુર બોમ્બ, અમદાવાદ- 382345. વેબસાઈટ : www.wr.indianrailways.gov.in

ADI-131

અમને ગમોડ કરો: facebook.com/WesternRly • **અમને ફોલો કરો:** twitter.com/WesternRly

ડાંગરવાની ફેક્ટરીનો ૨.૯૭ લાખનો મુદ્દામાલ એસઓજીએ ઝબ્બે કરી ગુનો નોંધ્યો

કડી, એસ.ઓ.જી.પોલીસના સ્ટાફના માણસોએ હકિકત વાળી જગ્યાએ તપાસ કરતાં ફેક્ટરીમાં રેડ કરી ફેક્ટરીના માલિક પણ હાજર મળી આવતાં તેની અટકાયત કરીને તેને સાથે રાખી તપાસ કરી હતી. તપાસ દરમ્યાન ફેક્ટરીમાંથી મીઠા ભરેલી પ્લાસ્ટિકની સફેદ કલરની બેગો નંગ ૨૫૦ જેની કિંમત ૩૭ હજાર ૫૦૦ તથા પીએનસીબીનું કાચું મટીરીયલ ભરેલી સફેદ કોથળી નંગ-૪૦ કિંમત ૪૦ હજાર, ત્રણ લોખંડના મોટા ગોળાકાર ટાંકા જેમાં સલ્ફ્યુરિક એસિડ ૧૦ હજાર લીટર કિંમત ૪૦ હજાર અને પીએનસીબીનોએસએ ભરેલી સફેદ કલરની અલગ અલગ માર્કા વાળી પ્લાસ્ટિકની ૯૦ થેલીઓ કિંમત ૧ લાખ ૮૦ હજાર કુલ મળી ૨ લાખ ૯૭ હજાર ૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ડાંગરવા-ઘુમાસણ જવાના રસ્તા ઉપર ફેક્ટરીમાં ગેરકાયદેસર પાસ પરમિટ વગર તેનું ઉત્પાદન કરી કેમિકલયુક્ત દૂષિત પાણીનું યોગ્ય નિકાલ નહીં નહીં કરતા અને પાણી ખેતરના ખુલ્લામાં ખાડો ખોદી તેમાં નાખી ખાડાઓ ખુલ્લા રાખતા હતા. જેના લીધે બાજુના ખેતરના રહેવાસીઓ, પશુ પ્રાણીઓને સિન્ક કેન્સર જેવા ગંભીર રોગ થવાની પૂરી શકયતા રહેલી છે. તેમજ જળાશયોમાંના પાણીને પ્રદૂષિત કરી ધંધો ધીકતો રાખવામાં આવ્યો હતો. ફેક્ટરીના માલિકના સામે પહેલા પણ ૧૦જૂન, ૨૦૨૨ના રોજ ફેક્ટરી સીલ કરવામાં આવી હતી. પણ ફેક્ટરીના માલિકને વટના માર્યા અમને ક્યાં કોઈનો ડર છે તેમ ફેક્ટરી ચાલુ કરી નાખવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં તાત્કાલિક પોરણે મહેસાણાના ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જવાબદાર અધિકારીઓને જાણ કરતાં અધિકારીઓએ ઘટના સ્થળે દોડી તપાસ હાથ ધરી હતી. જેમાં તારીખ ૧૭-૬-૨૦૨૨ના જી.પી.સી.બી/એમ .એચ.સી.૨૭૦ આઈ.ડી નં ૩૪૨૫૨ ફેક્ટરીના માલિકને ઉત્પાદન નહીં કરવા નોટિસ આપી હતી અને કડી મામલતદારની હાજરીમાં સીલ કરવામાં આવી હતી. તો પણ ફેક્ટરીના માલિકે ફેક્ટરી ચાલુ કરી નાખી હતી. જેના પગલે ફેક્ટરીના માલિક રાજપુત નિદેશસિંહ હરિસિંહ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ મહેસાણાના અધિકારીઓ દ્વારા જરૂરી સેમ્પલ લઈને તેને તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા અને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.કડી તાલુકામાં આવેલા ડાંગરવા ગામે સીલ મારેલી કેમિકલ ફેક્ટરી કંપનીના માલિકે સીલ તોડીને જાણે કોઈની બીક ના હોય તે રીતે કંપની ચાલુ કરી ધમધમાવી હતી.

ડભોઈ રોડ પરના ટીમ્બર માર્કેટમાં એક જ રાતમાં ૧૦ ગોડાઉનના તાળાં તૂટ્યા

વડોદરા, વડોદરા શહેરના ડભોઈ રોડ સોમા તળાવ પાસે ટીમ્બર માર્કેટ એસ્ટેટ આવેલું છે. આ એસ્ટેટમાં વિવિધ ચિજવસ્તુઓનું ઉત્પાદન કરતા વર્કશોપ તેમજ ગોડાઉનો આવેલા છે. વર્કશોપ અને ગોડાઉનોમાં ઓફિસો પણ આવેલી છે. રાત્રે ત્રણ જેટલા તસ્કરો એસ્ટેટમાં ત્રાટક્યા હતા. અને એક પછી એક ગોડાઉનોના તાળાં તોડી ગોડાઉનો અને વર્કશોપ સ્થિત ઓફિસોમાં ઘુસ્યા હતા. અને ઓફિસોના ડ્રોઅરો ખોલી તપાસ કરી હતી. સવારે ગોડાઉનો અને વર્કશોપમાં આવેલા માલિકોને ચોરી થઇ હોવાની જાણ થતાં વેપારીઓ એકઠા થઈ ગયા હતા. બીજી બાજુ આ બનાવની જાણ પોલીસને કરતા પોલીસ પણ દોડી આવી હતી. પોલીસે વેપારીઓની ફરિયાદના આધારે તપાસનો દોર શરૂ કર્યો હતો. વેપારીઓએ પોલીસને સી.સી. ટી.વી. ફૂટેજ પણ આપ્યા હતા. આ બનાવને પગલે વિસ્તારમાં ભારે ચકચાર જગાવી મૂકી હતી. એસ્ટેટમાં ત્રાટકેલા તસ્કરો સી.સી. ટી.વી.માં કેદ થઇ ગયા છે. સી.સી. ટી.વી. ફૂટેજમાં તસ્કરો ત્રણ જેટલા હોવાનું જણાઈ આવે છે. ઉપરાંત તસ્કરો ચડ્ડી-બનીયનધારી હોવાનું પણ જણાઇ આવ્યું છે. એકજ રાતમાં દસ ગોડાઉન-વર્કશોપના તાળાં તૂટતા માલિકો પણ ચોંકી ઉઠ્યા હતા. વેપારીઓએ વિસ્તારમાં રાત્રિ પોલીસ પેટ્રોલિંગ વધારવા માટે માંગણી કરી છે. આ બનાવે વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક વસાહતોમાં ચકચાર જગાવી મુકી છે. ટીમ્બર માર્કેટ એસ્ટેટમાં શ્રીનાથ એસેસરીઝના નામે વ્યવસાય કરતા ગૌરાંગભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, અમારા એસ્ટેટના દસ ગોડાઉન-વર્કશોપમાં થયેલી ચોરીના બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવ કરવામાં આવી હતી. પોલીસ પણ આવી હતી. પોલીસે ફરિયાદ કરવા માટે બોલાવ્યા હતા. પરંતુ, અમે ફરિયાદ માટે ગયા નથી. ગોડાઉન-વર્કશોપમાં વધુ મુદ્દામાલની ચોરી થઇ નથી. પરંતુ, અવાર-નવાર અમારા એસ્ટેટમાં ચોરીના બનાવો બની રહ્યા છે. અમારી માંગણી છે કે, પોલીસ દ્વારા પેટ્રોલીંગ વધારવામાં આવે.શહેરમાં સોને કળામ્બે ખીલેલો શ્રાવણીયો જુગાર પકડવામાં પોલીસ તંત્ર વ્યસ્ત છે. ત્યારે આ તક લઈને તસ્કર ટોળકી સક્રીય બની ગઈ છે. મોડી રાત્રે શહેરના ડભોઈ રોડ સોમા તળાવ પાસે આવેલા ટીમ્બર માર્કેટ એસ્ટેટમાં તસ્કરો ત્રણ જેટલા તસ્કરો ત્રાટક્યા હતા. અને દસ જેટલા ગોડાઉન-વર્કશોપના તાળાં તોડીને હજારોની ચોરી કરી ગયા હતા. રાત્રે ત્રાટકેલા તસ્કરો સી.સી. ટી.વી.માં કેદ થઇ ગયા છે.

પબ્લિક રિલેશન્સ કોઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા અમદાવાદ ખાતે એમનું ૫૧મો રાષ્ટ્રીય ચેપ્ટરનું લોન્ચની જાહેરાત

અમદાવાદઃ પબ્લિક રિલેશન્સ કોઉન્સિલ ઓફ ઈન્ડિયા, જે આજે દેશમાં કોમ્યુનિકેટર્સ માટેનું એક અગ્રણી અને સૌથી મોટું સંગઠન છે, જે ૫ વૈશ્વિક સ્થળો અને દેશભરના ૫૦ શહેરોમાં હાજરી ધરાવે છે, તેણે આજે અમદાવાદ શહેરમાં એમનું ૫૧મું ચેપ્ટરનું શુભારંભની જાહેરાત કરી. કમલા કાકે, વસ્ત્રાપુર ખાતે આયોજિત એક કાર્યક્રમમાં પીઆરસીઆઈના ચીફ મેન્ટર અને ચેરમેન એમેરિટસ, શ્રી એમ.બી. જયરામે શેર કર્યું, "૩જી એપ્રિલ ૨૦૦૪ના રોજ અમારી શરૂઆત થઈ ત્યારથી, પીઆરસીઆઈએ કોમ્યુનિકેશનના ઈન્ડસ્ટ્રીને આગળ વધારવા માટે પ્રોફેશનલ ડેવલપમેન્ટ અને નેટવર્કિંગની તકોને સમુદ્ર બનાવવાનો પ્રયાસ કર્યો છે. કોમ્યુનિકેશનનું અમારું નેટવર્ક પીઆર, મીડિયા, કોમર્શિયલ અને પબ્લિક સર્વિસ એડવર્ટાઈઝિંગ, માર્કોમ, એકેડેમિયા ઈન કોમ્યુનિકેશન અને વિદ્યાર્થીઓને જોડે છે અને આ ફોરમ ઉદ્યોગ વ્યવસાયિકોને તેમના સંબંધિત કાર્યક્ષેત્રમાં ઉચ્ચ નૈતિક ધોરણોને પ્રોત્સાહિત કરીને તેમના સમુદાયની સેવા કરવાની તક પૂરી પાડે છે. આ પ્રવાહમાં વ્યાવસાયિકોને માન્યતા ઓફર કરનાર આ દેશભરના પ્રથમ મંચ છે." શ્રી એમ. બી. જયરામ, અધ્યક્ષ, એમેરિટસ, ઈઝેડ, ડી. વિનય કુમાર, રાષ્ટ્રીય અધ્યક્ષ, વરિષ્ઠ ઉપપ્રમુખ- શ્રી કે. રવિન્દ્રન અને ડિરેક્ટર જીતેન્દ્ર ભાર્ગવના માર્ગદર્શન અને હાજરી હેઠળ, ઈઝેડ – અમદાવાદ ચેપ્ટરની નવી ચૂંટાયેલી ટીમે આજે શપથ લીધા. શ્રી જીતેન્દ્ર જયંત - પીઆરસઆઈ, પશ્ચિમ રેલ્વેને ચેપ્ટરના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જાણીતા કોમ્યુનિકેશન પ્રોફેશનલ્સ શ્રી વિનોદ દવે, શ્રી મિથિલેશ ચુડગર અને શ્રી દીપક મકવાણા ને ચેપ્ટરના વાઈસ ચેરમેન્સ તરીકે મહત્વની ભૂમિકા ભજવશે. (૧૯-૯)

નોર્વેજીયન ક્રૂઝ લાઈને અત્યાધુનિક નોર્વેજીયન પ્રીમાને સત્તાવાર રીતે આવકારી



અમદાવાદ, ગ્લોબલ ક્રૂઝ ટ્રાવેલમાં ઈનોવેશન નોર્વેજીયન ક્રૂઝ લાઈન (એનસીએલ)એ વીકેન્ડમાં એના નવા જલાશનું નામ નોર્વેજીયન પ્રીમા રાખ્યું હતું, જેના પગલે આઈસલેન્ડના રેયકજાવિકમાં પ્રથમ મુખ્ય ક્રૂઝ શિપનું નામકરણ થવાનો ઈતિહાસ સર્જાયો હતો. પથપ્રદર્શક નોર્વેજીયન પ્રીમાની પ્રીમા ક્લાસમાં છ જહાજોમાંથી પ્રથમ જહાજે ૨,૫૦૦થી વધારે મહેમાનો સાથે શરૂઆત કરી છે, જેમણે આઈસલેન્ડની સુંદર રાજધાની અને નામકરણ સમારંભનો સંપૂર્ણ અનુભવ માણ્યો હતો. નોર્વેજીયન ક્રૂઝ લાઈન હોલિડેઝ લિમિટેડના પ્રેસિડન્ટ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ફ્રેંક કેલ રિયોએ કહ્યું હતું કે, "પોતાની આકર્ષક ડિઝાઈન અને વિશિષ્ટ ઓફર સાથે નોર્વેજીયન પ્રીમા પોતાની આગવી લીગ છે. ઉદ્યોગ સૌથી વધુ સ્પેશિયસ નવી ક્રૂઝ શિપ 'ઓન્લી-અને ઓબ્લ-ઓન-પ્રીમા-અનુભવો' ધરાવેછે, ત્યારે આ ઉદ્યોગમાં સૌપ્રથમ હોવાના એનસીએલના વારસાને જાળવી રાખે છે. અમે નોર્વેજીયન પ્રીમાને એની જેમ વિશિષ્ટ અને વિશેષ સ્થાન પર લૉંચ કરવા ઇચ્છતાં હતાં અને રેયકજાવિકની સુંદર ભૂમિ આ પ્રકારના સીમાચિહ્ન પ્રસંગ માટે આદર્શ છે. અમે રેયકજાવિક સમુદ્રાયનો અમને આવકારવા બદલ આભાર માનીએ છીએ."–

સિચ્યુએશનલ કોમેડી ધરાવતી ફિલ્મ 'હેય કેમ છો લંડન' ગુજરાતી સિનેમાને નવી ઉંચાઈએ લઈ જશે

અમદાવાદ, ગુજરાતી ફિલ્મો હંમેશાથી મનોરંજન પીરસતી આવી રહી છે. પોતાના આ સબળ પરિબળ સાથે ફિલ્મો પારિવારિક દર્શકોને થિયેટર્સ સુધી આકર્ષવામાં સફળ રહે છે. ત્યારે શ્રેષ્ઠ કમિક ટાઈમિંગ સાથેના નવ રસ સાથેની ફિલ્મ 'હેય કેમ છો લંડન' થિયેટર્સમાં ૨ સપ્ટેમ્બરે રિલીઝ થઈ છે, જેનો પ્રીમિયર શો અમદાવાદ ખાતે યોજાયો હતો. ફિલ્મના પ્રીમિયર શોમાં ફિલ્મના મુખ્ય કલાકારો મિત્રા ગઢવી, માનસ શાહ, લીના જુમાની અને રિરેક્ટર સની સુરાણી ઉપસ્થિત રહ્યાં હતા.

ફિલ્મ 'હેય કેમ છો લંડન' ડ્રામા, કોમેડી અને રોમાન્સનું સર્વશ્રેષ્ઠ મિશ્રણ લઈને આવે છે. ફિલ્મમાં સામાન્ય પરિવારમાં જોવા મળતા સંબંધોને રજૂ કરવામાં આવ્યા છે. ફિલ્મનું શુટિંગ લંડનમાં કરવામાં આવ્યું છે, જે લંડનની ભવ્યતાને દર્શાવે છે, જ્યારે ગુજરાતની સુંદરતાને દર્શાવતા કલ્ચમાં પણ શુટિંગ કરવામાં આવ્યું છે. એબી ઈન્ટરનેશનલ અને મેંગો સ્ટુડિયોસ દ્વારા રજૂ કરાયેલી ફિલ્મ 'હેય કેમ છો લંડન'ના નિર્માતા અમિત બેસનેડ અને સની સુરાણી છે. 'હેય કેમ છો લંડન'ના ડિરેક્ટર સની સુરાણીએ જણાવ્યું, "લઘુ વર્ષોથી હું હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલો છું. ગુજરાતી સિનેમાને નવી ઉંચાઈએ લઈ જવા અને દર્શકોને કંઇક નવો જ સિનેમેટિક અનુભવ કરાવવા માટે કંઇક કરવાની એક અદમ્ય ઈચ્છા હતી અને આ દિશામાં આગળ વધી અમે ફિલ્મ 'હેય કેમ છો લંડન'ને રજૂ કરી રહ્યાં છે.(૧૯-૯)

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

ભોગી ફ્રેમ અને તેના ભાગોની સફાઈ અને પેઈન્ટીંગ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વડી ડિપ્લોમેટ બીઝ બિલ્ડીંગના એન્ટ્રન્સ, ભાવનગર પાસ, પ્રેસ ક્લિપ વડોદરા, ભાવનગર પણ દ્વારા નીચે આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આવાઈ છે. **ઈ-ટેન્ડર નોટિસ નં. બીડીબીઝલ્બ-2022-23-Bshot-06 (1) કામનું નામ:** શોટ/ઝોટ ક્લાસરીટ દ્વારા ભોગી ફ્રેમ અને તેના ભાગોની સફાઈ અને ઝાટ કોલી ભોગી ફ્રેમ અને તેના ભાગો પર પેઈન્ટીંગ. **(2) કામની અંદાજિત કિંમત** ₹ 99,77,458.84/- **(3) જમા કરાવવાની બીડ સિક્યુરીટી ડિપોઝીટ:** ₹ 1,99,600/- **(4) બીડ જમા કરાવવાની અને બીડ ખુલવાની તારીખ:** તા.19-09-2022 ના 15:30 કલાક પછી બોલાશે. **(5) એપ્લાઈડ વિગત અને બીડીલગું કામનું:** શોટબસ્ટબ્સ-બીડીબી ઓફિસ, પ્રેસેજ વિથ વર્કશોપ ભાવનગર પરા-364003 વેબસાઈટ: **www.ireps.gov.in**

BVP-052

અમને ગમોડ કરો: facebook.com/WesternRly

ટેલરમેડ રિન્યુએબલ્સ લીમીટેડ

CIN- L29307GJ2010PLC061759
ઈ-મેલ :cs@tss-india.com
સંપર્ક - ૦૭૯- ૪૦૦૬૦૮૮૮

૧૨મી વાર્ષિક સામાન્ય સભા અને ઈ- વોટિંગ માહિતી અને બુક ક્લોઝર ડેટની નોટિસ

આથી સભ્યોનો જણાવવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૧૨મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨, શુક્રવારના રોજ બપોરે ૦૧:૩૦ વાગે વિડિઓ કોન્ફરેન્સ (વીસી)/બીજા તરફ ઓડિયો વિઝુયલ એદેલે (ઓએવીએમ)એજીએમ નોટિસમાં નિર્ધારિત કર્યા મુજબ વ્યવસાયોનો વ્યવહાર કરવો, જે એજીએમ બોલાવવા માટે પ્રસારિત કરવામાં આવી રહી છે.

એજીએમની નોટિસ સાથે વાર્ષિક અહેવાલ અન્ય બાબતો જેમકે રિમોટ-ઈ- વોટિંગ માર્ગદર્શિકા સાથે તમામ સભ્યોને તેમના કંપની અથવા ડિપોઝિટરીઓની પાસે નોંધાયેલા ઈમેઈલ આઈ ડી પર મોકલવામાં આવ્યા છે અને જે કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા જારી કરાયેલ અનુક્રમે તા.૦૮મી એપ્રીલ ૨૦૨૦ અને તારીખ ૧૩મી એપ્રીલ ૨૦૨૦ અને સિક્યોરિટરી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા તારીખ ૧૨,૨૦૨૦ ના પરિપત્ર અનુસરીને મોકલવાની કામગીરી કરી છે.

જે સભ્યો ડિઝિટલી શેર્સ અથવા ડિમેટરીયલાઇઝ્ડ શેર્સમાં કટ-ઓફ ડેટ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ જે સભ્યો નોંધાયેલા હોય તે તે ૧૨મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં જણાવ્યા પ્રમાણેની કામગીરી પર ઈલેક્ટ્રોનિકલી મત આપી શકે છે. ઈ- વોટિંગ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સવારે ૧૦.૦૦ વાગે શરૂ થશે અને ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૫.૦૦ વાગે પૂર્ણ થશે ત્યાર બાદ સીડીએસએલ દ્વારા વોટીંગ માડ્યુલ બંધ કરી દેવામાં આવશે. જે શેર ધારકો દ્વારા મત અપાયા પછી તેઓની તેમનો ફેરફાર કરવાની પરવાનગી મળશે નહી. જે સભ્યો એ રીમોટ ઈ-વોટિંગથી તેના મતો આપ્યા છે તેઓ એજીએમ માં પણ હાજર રહી શકે છે પરંતુ ફરીથી મત આપવા હકદાર ગણાશે નહીં. ઈ-વોટીંગને લગતો કોઈ પ્રશ્ન હોય તો સભ્યો ફિકવન્સ્લી આસ્કડ સ્વેશ્ચન્સ (એફએક્યુએસએઅને ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલમાંથી માહિતી મેળવી શકે છે અથવા **www.evotingindia.com.**

કંપની કાયદા ૨૦૧૩ની કલમ ૯૧ની જોગવાઈઓને લાગુ નિયમો અન્વયે કંપનીના રજીસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાંસફર બુક્સ ગુરૂવાર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૨ થી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ (બન્ને દિવસો સહિત) કંપનીના એજીએમ સારૂ બંધ રહેશે.

શેરધારકો તેમની તમામ પુછપરછ રજીસ્ટ્રાર્સ એન્ડ શેયર ટ્રાંસફર એજેન્ટ - મેસર્સ **બીગશેર સર્વિસેઝ પ્રાઈવેટ લીમીટેડ,** એ- ૮૦૨, સમુદ્ર કોમ્પલેક્ષ, ક્લાસિક હોટલ હોટલ પાસે, ગિરીશ કોલ ટ્રીક, આંબે સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ- ૩૮૦૦૦૯ ને મોકલી શકે છે.

ટેલરમેડ રિન્યુએબલ્સ લીમીટેડ વતી
બોર્ડના આદેશથી
સહી/-
ધર્મેન્દ્ર શરદ ગોર
મેનેજીંગ ડાયરેક્ટર

તારીખ : ૦૩.૦૮.૨૦૨૨.
સ્થળ : અમદાવાદ

ICICI Home Finance | રજીસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા-કુર્લા કોમ્પ